# ભારતમાં શિક્ષણક્રાંતિ- ડિજીટલ અભ્યાસક્રમો અને સસ્તુ કમ્પ્યૂટર

માનવસંશાધન વિકાસ મંત્રાલયે આજથી સાડા પાંચ વર્ષ પૂર્વે ઉચ્ચશિક્ષણક્ષેત્રે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ક્રાંતિ લાવવા અંગે વિચાર કર્યો હતો. જેના અનુસંધાનમાં ફેબ્રુઆરી ૨૦૦૯માં રૂપિયા ૪૬૧૨ કરોડ ફાળવ્યા. સાથે જ ઉચ્ચશિક્ષણક્ષેત્રે ક્રાંતિ લાવવા એક પ્રોજેક્ટ શરૂ કર્યો, જેનું નામ છે " ધ નેશનલ મીશન ઓન એજ્યુકેશન થ્રુ ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેસન ટેકનોલોજી" જેને ટૂંકમાં એન.એમ.ઇ.-આઇ.સી.ટી. ના નામથી ઓળખવામાં આવે છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને જ્ઞાની અને કૌશલ્યવાન બનાવવાનો છે. જે માટે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ડિજીટલ સાક્ષર બનાવવાનું વિચાર્યું. જે અંતર્ગત ભારતની તમામ યુનિવર્સિટીના અધ્યાપકોને નોલેજ બેંક બનાવવાનું સૂચવવામાં આવ્યું. જેમાં કોલેજોમાં શીખવાતા વિષયોના અભ્યાસક્રમને ધ્યાને લઇને અધ્યાપકે તે અભ્યાસક્રમને ડિજીટલ સ્વરૂપમાં ફેરવીને ઇન્ટરનેટ પર મૂકવાનો હતો. આ અભ્યાસક્રમને વિડિયો, ઓડિયો, ચિત્રો, આલેખો વગેરે દ્બારા આકર્ષક અને સરળ બનાવીને ભારતભરમાંથી અનેક અધ્યાપકોએ પોતાની ફરજ બજાવી છે. હા... આ માટે થતું ખર્ચ હજારોમાં નહીં પણ લાખો રૂપિયા છે. જે ખર્ચ માનવસંશાધન વિકાસ મંત્રાલય ચૂકવે છે. આ રીતે જોતા ભારતમાં ખૂબ જ ઉચ્ચ ગુણવત્તા યુક્ત વિષયવસ્તુ તૈયાર થયું અને ઇન્ટરનેટ પર **www.sakshat.ac.in** વેબ સાઇટ પર મૂકવામાં પણ આવ્યું. જેમાં કોલેજના લગભગ ૮૭ જેટલા વિષયને આવરી લેવામાં આવ્યા છે. ગૌરવ ઉપજાવે તેવી વાત એ છે કે, આ રીતનું ડિજીટલ વિષયવસ્તુ તૈયાર કરવામાં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. આ માટે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ કમિસ્નરશ્રીએ ખૂબ જ મહેનત કરીને અધ્યાપકોને પ્રોત્સાહન સાથે નેતૃત્ત્વ પૂરું પાડયું છે.

માનવ વિકાસ મંત્રાલયના પ્રયત્નોથી ભારતમાં નોલેજ નેટવર્ક ઊભું કરવાના પ્રયત્નો થઇ રહ્યાં છે. તેના અનુસંધાનમાં દેશની તમામ કોલેજોને ઇન્ટરનેટ જોડાણ માટે ૧૦-૨૦ જેટલા બ્રોડબેન્ડ કનેક્શન પણ આપી દેવામાં આવ્યા છે. જેથી કોલેજો વધુમાં વધુ ઇન્ટરનેટનો ઉપયોગ કરીને માહિતી મેળવી શકે, આપી શકે અને દુનિયાના સંપર્કમાં સતત રહે. આ બધા પ્રયત્નો થકી વિષયવસ્તુ ઇન્ટરનેટ પર મૂકાઇ ગયું, ઇન્ટરનેટ માટે બ્રોડબેન્ડ કનેક્શન પણ અપાઇ ગયા. પણ આ લાભ જ્યાં સુધી તમામ વિદ્યાર્થી સુધી ન પહોંચે તો કરેલા પ્રયત્નો અને વાપરેલા નાણાંનો શો અર્થ ? પરિણામ સ્વરૂપ કોલેજમાં અભ્યાસ કરતો ભારતના કોઇપણ ખૂણામાં રહેતો કોઇપણ વિદ્યાર્થી ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાની શૈક્ષણિક જરૂરિયાત સંતોષી શકે તેવા પ્રયત્નના ભાગ રૂપે જ ખૂબ જ સસ્તા ભાવનું કમ્પ્યૂટર બનાવવાની જરૂરિયાત ઊભી થઇ. જે અંતર્ગત જોધપુર સ્થિત આઇ.આઇ.ટી. રાજસ્થાન અને ડેટાવિન્ડ નામની કંપનીએ સાથે મળીને "આકાશ" નામનું ટેબલેટ પી.સી. બનાવ્યું. જેની કિંમત આશરે ૨૨૫૦ રૂપિયા જેટલી થાય છે. વિદ્યાર્થીને આ ટેબલેટ પી.સી. પચાસ ટકાની કિંમતે મળશે. પચાસ ટકા કેન્દ્ર સરકાર સબસીડી રૂપે આપશે. આમ થવાથી આર્થિક

રીતે ગરીબ કે સામાન્ય ગણાતા વિદ્યાર્થીઓ પણ સરળતાથી "આકાશ" ટેબલેટ પી.સી. ખરીદી શકશે. ભારત સરકાર એવું વિચારી રહી છે કે, આ પ્રોજેક્ટને નીચલા ધોરણો એટલે શાળાકક્ષાએ પણ લઈ જવો. જે માટે બારમા પ્લાનમાં ધો.૯ થી ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે પણ ઉપરોક્ત સગવડતા ઊભી કરવી.

ઉપરોક્ત રીતે જોતાં ડિજીટલ સ્વરૂપે અભ્યાસક્રમ અધ્યાપકો બનાવીને સાક્ષત વેબસાઇટ પર મૂકે છે, કોલેજોમાં ઓછામાં ઓછા વીસ જેટલા ઇન્ટરનેટ કનેક્શન અપાઇ ગયા છે, વિદ્યાર્થી ખૂબ જ સસ્તા કમ્પ્યૂટર ખરીદી શકશે. પરિણામે વિદ્યાર્થી પોતાને જોઇતી માહિતી ખૂબ જ સરળતાથી મેળવી શકશે. આમ તો ઇન્ટરનેટ પરથી કેટલીક માહિતી મળે છે, પણ તે બધી જ માહિતી વિદ્યાર્થીના અભ્યાસક્રમ સાથે સુસંગત ન પણ હોય અને જરૂરી માહિતી મેળવવા પૈસા પણ ખર્ચવા પડે. ત્યારે પોતાની પાસે રહેલા ટેબલેટ પી.સી. દ્વારા વિદ્યાર્થી ઇચ્છિત માહિતી કોઇપણ સમયે મેળવી શકશે. જે માહિતી વિડિયો, ઓડિયો, ગ્રાફિક્સ સ્વરૂપે પણ હશે. જેથી તે સરળતાથી સમજી શકશે અને યાદ રાખી શકશે. આમ પોતાના જ અભ્યાસક્રમની, પોતાને જરૂરી છે તેવી તમામ માહિતી, જ્ઞાન વગેરે મેળવી શકશે. એટલું જ નહીં જે તે મુદ્દા કે વિષયવસ્તુના અનુસંધાનમાં તેનું પોતાનું મૂલ્યાંકન પણ કરી શકશે. જરૂર પડે પોતાની જાતમાં સુધારો પણ કરી શકશે.

ઉપરોક્ત રીતે જોતા એવું ચોક્કસ પણે કહી શકાય કે, ભારતમાં શૈક્ષણિકક્ષેત્રે ડિજીટલ સ્વરૂપને પ્રવેશ આપવાથી શિક્ષણમાં ક્રાંતિ આવી રહી છે. ડિજીટલ સ્વરૂપની આ ક્રાંતિ લાવવા સરકાર તરફથી તમામ પ્રકારના પ્રયત્નો થઇ રહયાં છે, ત્યારે અધ્યાપકો અને કોલેજોએ પણ પોતાની જાતને અપડેટ કરતા રહેવું પડશે. નહીં તો બે-ત્રણ વર્ષમાં એવી પરિસ્થિતિ સર્જાઇ હશે કે, અધ્યાપક કરતાં વિદ્યાર્થી વધુ જાણતો હશે અને કોલેજ કરતાં કમ્પ્યૂટર વધુ માહિતી કે સગવડ પૂરી પાડતું હશે. વિદ્યાર્થી પોતાના હાથમાં દુનિયાભરની માહિતી લઇને ફરતો હશે, વિદ્યાર્થીની મુઠ્ઠીમાં દુનિયા સમાયેલી હશે. અધ્યાપકના લેક્ચરમાં મજા નહીં આવતી હોય તો આવતી કાલનો વિદ્યાર્થી કદાચ બગીચામાં બેસીને ઇન્ટરનેટ પરથી પોતાના અભ્યાસક્રમને લગતી માહિતી વાંચતો હશે, સમજતો હશે. જો વિદ્યાર્થીને સંતોષ આપવો હોય તો દરેક કોલેજે પોતાની કમ્પ્યૂટર લેબ સતત ખુલ્લી રાખવી પડશે. જરૂરી સગવડતા ઊભી કરવી પડશે. સાથે અધ્યાપકોએ પણ કોલેજમાં અને ઘેર કમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો ઉપયોગ કરીને પોતાના લેક્ચર વધુ સમૃદ્ધ, રસમય અને આકર્ષક બનાવવા પડશે.

આપણે સૌ ભારતીયો માટે આ ગૌરવની વાત છે. દુનિયામાં કોઇપણ દેશમાં આ રીતે ગુણવત્તા યુક્ત ડિજીટલ સ્વરૂપમાં તમામ કોલેજો માટેનો અભ્યાસક્રમ તૈયાર થયો નથી. ઉપરાંત આટલું સસ્તું ટેબલેટ પી.સી. ભારત સિવાય દુનિયાનો કોઇ દેશ વિકસાવી શક્યો નથી. આટલું સસ્તુ પી.સી. બનાવવાનો જ્યારે વિચાર આવ્યો હતો ત્યારે દુનિયાભરમાંથી વાત આવી હતી કે, આટલું સસ્તું પી.સી. બની જ ન શકે. જે વાતને ભારતે ખોટી ઠેરવીને સાબિત કરી દીધું છે કે, ભારત ટેકનોલોજી ક્ષેત્રે માત્ર સોફટવેરમાં જ આગળ નથી, હવે હાર્ડવેરમાં પણ આગળ છે. કમ્પ્યૂટર રૂપી આ હાર્ડવેર એટલે શક્ય બન્યું છે કે જેમાં ભારતના આઇ.આઇ.ટી.ના ઘણાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું હાર્ડવર્ક અને હાર્ટવર્ક હતું.

**dr.ashokpatel@in.com**